પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 07-11-2026 **Midday: 2.30 to 2.35 pm**

Day: Saturday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યના ચાર દિવસના પ્રવાસે છે. ત્યારે આજે અમદાવાદમાં તેમણે મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી. બપોર બાદ પણ તેઓ વધુ બે જેટલી મહત્વની બેઠક કરવાના છે. 9 નવેમ્બર એટલે કે સોમવારે શ્રી શાહ અમદાવાદમાં ઇસ્કોનથી સાણંદ સુધી નવનિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે.

ઉપરાંત સેટેલાઈટ વિસ્તારમાં નોલેજ હબ સેન્ટર લોકાર્પણ તેમજ અર્બન હેલ્થ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. તેઓ રામાપીરનો ટેકરો વિસ્તારના આવાસોનું લોકાર્પણ તથા વાડજ ખાતેથી મહાનગરપાલિકાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. 10 નવેમ્બરે તેઓ નૂતન વર્ષ નિમિત્તે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

RAJKOT- VIKAS KARYO

રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં 204 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 19 દરખાસ્તો પેન્ડિંગ રાખવામાં આવી છે અને બે નામંજૂર કરવામાં આવી છે. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અનુસાર, શહેરના તમામ 18 વોર્ડમાં રહેણાંક વિસ્તારો અને આંતરિક માર્ગોને પ્રાથમિકતા આપીને અંદાજે 170 કરોડ રૂપિયાના ખર્ચે 137 કિલોમીટર લંબાઈના નવા ડામર રોડ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત પૂર્વ ઝોનમાં 68.18 કરોડ રૂપિયાના ખર્ચે 55 કિલોમીટર, મધ્ય ઝોનમાં 66.43 કરોડ રૂપિયાના ખર્ચે 64 કિલોમીટર અને પશ્ચિમ ઝોનમાં 36.19 કરોડ રૂપિયાના ખર્ચે 15 કિલોમીટર વિસ્તારમાં નવા ડામર રોડ બનાવવામાં આવશે. આ તમામ નવા રસ્તાઓનું કામ આગામી લાભપાંચમના શુભ દિવસથી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવશે.

DABHODA MELO

ગાંધીનગર જિલ્લાના ડભોડામાં હનુમાનજી મંદિરે કાળી ચૌદશના મહામેળાનું આયોજન કરાયું. ત્યારે ભગવાનના દર્શન માટે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યું. મોડી રાતથી સવાર સુધીમાં 10 લાખથી વધુ ભાવિક ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો છે. રાત્રિ આરતી બાદ પ્રથમ વખત વિશેષ લેસર ડ્રોન શોનું પણ આયોજન કરવામાં આવ્યું, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ અંગે વધુ માહિતી પૂજારી રાજુભાઇ મહેતાએ આપી.

(BYTE: RAJUBHAI MEHTA, PRIEST)

SURAT SPECIAL TRAIN

સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર દિવાળીના તહેવારોને પગલે વિશેષ ટ્રેનો દોડાવવાનું આયોજન કરાયું છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું હતું કે ઝોનમાં 190 થી વધુ વિશેષ ટ્રેનોને સૂચિત કરવામાં આવી છે, જેમાં મુસાફરો માટે વધારાની સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરાઇ છે.

(BYTE: ANUBHAV SAXENA, PRO)

MEHSANA FIRE CHOWKI

દિવાળીના પર્વને લઈ મહેસાણા શહેરમાં ફાયર વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. આગ જેવી હોનારત સમયે ફાયર ટીમને સ્થળ પર પહોંચવામાં વિલબ ના થાય તે માટે શહેરના હાઇવે પર તેમજ ગીચ વિસ્તાર તોરણવાળી માતાજીના વિસ્તારમાં ફાયર ચોકી ઉભી કરાઈ છે. જેમાં 24 કલાક ટીમો ભાઈબીજ સુધી ફરજ બજાવશે.

KUTCH CIGARETTE

કચ્છના મુન્દ્રા બંદરેથી કરોડો રૂપિયાનું સિગારેટનો જથ્થો ઝડપાયો છે. મહેસૂલ ગુપ્તચર નિદેશાલય-DRIએ બંદરે 18 જેટલાં શંકાસ્પદ કન્ટેનરોનું ક્લિયરન્સ અટકાવીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ત્રણ કન્ટેનરો ખોલતાં તેમાંથી ઇમ્પોર્ટેડ સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો હતો હજુ બાકી રહેલાં કન્ટેનરોની તપાસ ચાલુ હોવાથી સિગારેટનો મોટો જથ્થા મળવાની શક્યતા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સિગારેટ અને સોપારીની ગેરકાયદે દાણચોરી સાથે સંકળાયેલી એક સંગઠિત ટોળકી આમાં સક્રિય છે. આ તમામ કન્ટેનરો મુન્દ્રાથી રાજધાની દિલ્હી નજીક આવેલા તુઘલકાબાદ સ્થિત કન્ટેનર ડેપો તરફ રવાના થવાના હતા, પરંતુ માલ આગળ ધપે તે પૂર્વે જ એજન્સીએ કાર્યવાહી કરીને દાણચોરીનો મનસૂબો નિષ્ફળ બનાવ્યો હતો. આ પ્રકરણમાં અમદાવાદ અને દિલ્હી ખાતેથી સંડોવાયેલા બે આરોપીઓની અટકાયત કરીને સઘન પૂછપરછ આદરવામાં આવી છે.

REV. MENS' CRICKET DAY

ક્રિકેટમાં, ન્યુઝીલેન્ડે વેલિંગ્ટનમાં રમાઈ રહેલી બીજી વનડેમાં ભારતને 135 રનનો લક્ષ્યાંક આપ્યો. ભારતે ન્યુઝીલેન્ડને 41 ઓવરમાં 134 રનમાં ઓલઆઉટ કર્યું. ભારત તરફથી ગુર્નૂર બ્રારે ચાર વિકેટ લીધી, જ્યારે આકિબ નબી અને અક્ષર પટેલે બે-બે વિકેટ લીધી. બીજી તરફ હાલ ભારતની બેટિંગ ચાલી રહી છે. ભારત જીતની નજીક પહોંચી ગયું છે. છેલ્લાં મળતાં અહેવાલ અનુસાર ભારતના 25 ઓવરમાં 06 વિકેટે 110 રન થયા છે.

વરસાદને કારણે મેચ 47 ઓવર પ્રતિ ટીમ કરવામાં આવી હતી. ભારત પાંચ મેચની શ્રેણીમાં 1-0થી આગળ છે.